**માતરના મે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.માતર**

**ક્રિમીનલ કેસ નં.૧૭૫–૨૦૨૬**

**આંક–૧ લગત હુકમ**

**ગુનો :– બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબ ....**

**–:: ઠરાવ ::–**

(૧) આ કામના આરોપી સામે ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ તથા તે સાથેના પેપર્સ આરોપીને વિના મુલ્યે પુરા પાડી આરોપનો સારાંશ જણાવી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ પોતાને ગુનો કબુલ હોવાની રજુઆત કરી તે મતલબની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, થઈ શકતી સજાનું પ્રમાણ, આરોપીની સામાજીક આર્થિક જવાબદારીઓ, આરોપી પુર્વઈતિહાસ ઘ્યાને લેતાં અને નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ઘ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકરોના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યારે લેતાં આરોપીને હળવી સજા કરવું વ્યાજબી અને ન્યાયીક જણાતું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ, બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબનાં ગુનામાં કસુરવાર ઠરાવી આરોપી ને રૂા.૧૦૦/–(અંકે રુપીયા એક સો) પુરાનો દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:– માતર.** **(નરેન્દ્રકુમાર)**

**તારીખ:૧૪/૦૩/૨૦૨૬** **(જીજે૦૧૪૪૦)**

**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,માતર.**